# શહેરમાં સાયકલો ચોરીને આતંક મચાવતી ટાબરીયા ગેંગ ઝડપાઈ



## વાવોલના સાત ટાબરીયાઓ પાસેથી ચોરીની ૧૫ સાયકલ રીકવર : ગોકુલપુરાના ભંગારીયાને ૩૦૦ રૂપિયામાં સાયકલ વેચતા હતા : મુખ્ય સૂત્રધાર ફરાર

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાંથી સાયકલો ચોરી થઈ જવાના સંખ્યાબંધ કિસ્સાઓ બનવા પામ્યા હતાં. સાયકલો ચોરી જતી ટાબરીયા ગેંગને સે-૨૧ પોલીસે ઝડપી પાડી છે. વાવોલના સાત ટાબરીયાઓ પાસેથી ૧૫ ચોરીની સાયકલો રીકવર થઈ જવા પામી છે. જો કે આ ટાબરીયા ગેંગનો મુખ્ય સૂત્રધાર ટાબરીયો હજુ પોલીસની ઝપટમાં આવ્યો નથી તે પકડાયા બાદ વધુ સાયકલો રીકવર થાય તેવી શકયતા નકારી શકાય નહીં.

શાળા કોલેજો તથા આસપાસના ટયુશનના સ્થળોએથી અને ઘર આંગણેથી પણ સાયકલ ચોરીની ઘટનાઓ વધી જવા પામી હતી. દરમિયાન આજે સે-૨૧ પોલીસના હાથે સાયકલો ચોરી કરતી વાવોલ ગામની એક ટાબરીયા ગેંગ ઝડપાઈ ગઈ છે. સાત ટાબરીયાઓ પાસેથી ૧૫ સાયકલો રીકવર થઈ છે જે તેમણે અલગ અલગ સ્થળોએથી ચોરી કરીને ગોકુલપુરા નજીક એક ભંગારીયાને રૂ. ૩૦૦-૩૦૦માં વેચી હતી જો કે આ ગેંગનો મુખ્ય સુત્રધાર ટાબરીયો હજુ પોલીસ પકડમાં આવ્યો નથી. તે પકડાયા બાદ અન્ય કેટલીક સાયકલો પણ રીકવર થાય તેવી શકયતા છે. સે-૨૧ પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી છે.

# ઈનોવામાં બેસીને દવા પી જનાર બીજો ભાઈ પણ મોતને ભેટયો

## ધંધામાં દેવું થઈ જતાં બે સગા ભાઈઓએ પગલું ભરી લીધુ હતું

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક ભાટ ટોલટેક્ષ પાસે થોડા દિવસ અગાઉ ઈનોવા ગાડીમાં બેસીને નરોડાના સ્ક્રેપ માર્કેટના વેપારી સગા બે ભાઈઓએ દવા ગટગટાવી લીધી હતી જેમાં એક ભાઈનું મૃત્યુ થઈ ગયું હતું જયારે બીજા ભાઈ દિલીપભાઈ મોતીભાઈ પારેખ અત્યાર સુધી સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ હતાં. દરમિયાન આજે સવારે દિલીપભાઈનું પણ સારવાર દરમિયાન મોત નિપજયું છે. ધંધામાં દેવું થઈ જતાં બે ભાઈઓએ દવા પી લઈ આપઘાત કરી લીધો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે.

# લીંબડીયા પાસે લકઝરીની અડફેટે બાઈકસવાર બે યુવાનોના મૃત્યુ

## બાઈક સાથે બે યુવાનોને લકઝરીચાલકે ૨૫ થી ૩૦ ફૂટ સુધી ઢસડયા : ડ્રાઈવર લકઝરી મુકીને રફફુચક્કર

ગાંધીનગર, તા.૧૪

અમદાવાદથી લીંબડીયા તરફ ત્રણ સવારી બાઈક પર આવી રહેલા યુવાનોને લીંબડીયા પાસે આજે સવારે રોંગ સાઈડથી આવતી લકઝરીએ અડફેટે લઈ લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બાઈક પરથી એક યુવાન ઉછળીને રસ્તાની સાઈડમાં પડી જતા તે બચી ગયો હતો જયારે અન્ય બે યુવાનો બાઈક સાથે લકઝરી સાથે ૨૫ થી ૩૦ ફૂટ ઢસડાયા હતા. જે પૈકી એકનું ઘટના સ્થળે મોત નિપજયું હતું. જયારે એકનું સારવાર દરમિયાન મોત થયું હતું. ડભોડા પોલિસે લકઝરી મુકીને ભાગી ગયેલા ડ્રાઈવર સામે ગુનો નોંધી તેને પકડી પાડવા તજવીજ શરુ કરી છે.

અમદાવાદના હિરાવાડી વિસ્તારમાં રહેતા શાંતિલાલ દેવજીભાઈ રાઠોડ, ગલાબભાઈ રામજીભાઈ વાઘેલા અને વલાદનાં ગોવિંદભાઈ રામાજી ઠાકોર ત્રણેય મિત્રો આજે સવારે અમદાવાદથી લીંબડીયા રોડ પરથી એક કોલસાના કારખાને કામ અર્થે બાઈક નં. જીજે-૧ એન.પી. ૩૧૩૨ લઈને જઈ રહ્યા હતા. લીંબડીયા નર્સરી સામે સવારે ૮ વાગ્યાના અરસામાં બાઈક પર તેઓ પહોંચ્યા તે દરમિયાન સામેથી બેફામ ગતિએ રોંગ સાઈડ આવી રહેલી લકઝરી નં. આર.જી. ૨૭ પી.બી. ૭૯૩ના ચાલકે બાઈકને જબરદસ્ત ટકકર મારતા ગોવિંદભાઈ ડામોર ઉછળીને રસ્તાની બાજુમાં ટકરાઈ ગયા હતા તેમને ગંભીર હાલતમાં સારવાર હેઠળ લઈ જવામાં આવ્યા છે તો બીજી તરફ અન્ય બંને યુવાનો પણ લકઝરી સાથે ૨૫ થી ૩૦ ફુટ ઢસડાયા હતા જેમાં શાંતિલાલનું ઘટના સ્થળે જ મત્યુ થઈ ગયું હતું અને ગલાબભાઈનુંસારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. ડભોડા પોલીસ ઘટના સ્થળે પહોંચે તે પહેલા જ લકઝરીનો ચાલક ફરાર થઈ ગયો હતો. ડભોડા પોલીસે ડ્રાઈવર સામે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.



# ફરતા ગરબા સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

જયોતિ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા નવરાત્રિ નિમિત્તે ફરતા ગરબા સ્પર્ધા અને બેડા ગરબા સ્પર્ધા યોજાશે. ગરબા તા. ૨૫ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧.૩૦ વાગે ખિમજી વિસરામ હોલ નાથીબા કોલેજ સેકટર-૨૩ ખાતે યોજાશે. ગરબા સ્પર્ધામાં નગરની મહિલાઓને ભાગ લેવા લતાબેન ચોકસી અને કુ. ચેતના બૂચે જણાવ્યું છે. સ્પર્ધાના પાસ કોકીલાબેન નાયકના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૪૨/૨, સેકટર-૭-બી, ફોન-૨૩૨૨૮૧૧૩ ખાતેથી મેળવી લેવા અપીલ કરવામાં આવી છે.

# મહિલા પાંખની મિટીંગ

ગાંધીનગર, તા.૧૪

સિનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગર મહિલા પાંખની તા. ૧૭ સપ્ટેમ્બર બુધવાર બપોરે ૪-૦૦ વાગે નમન એપાર્ટમેન્ટ સેકટર-૨૧ ખાતે મિટીંગ યોજાશે.

# ઓએનજીસીની પરીક્ષા નજીક હોવા છતાં કેન્દ્ર બાબતે ઉમેદવારો અવઢવમાં

## જાહેરાતમાં ૨૮ સપ્ટેમ્બરે પરીક્ષા છતાં હજુ સુધી કોલલેટર કે ઈન્ટરનેટ પર માહિતી મુકાઈ નથી

ગાંધીનગર, તા.૧૪

ઓઈલ એન્ડ ગેસ કોર્પોરેશન લીમીટેડ દ્વારા સમયાંતરે જરુરિયાત મુજબના વિભાગો માટે અખબારો તથા ઈન્ટરનેટ ઉપર જાહેરાત આપી અરજીઓ મંગાવે છે. તેવી જ રીતે ઓએનજીસીએ તાજેતરમાં જાહેરાત આપી ઈજનેર સહિતની જગ્યાઓ માટે અરજીઓ ઈન્ટરનેટ મારફતે મંગાવી પરીક્ષા કેન્દ્ર અને તારીખ સહિતની માહિતી આપી હતી. જેમાં આ જાહેરાત મુજબ ૨૮મી સપ્ટેમ્બરે પરીક્ષા લેવાની છે છતાં પણ આજ દિન સુધી ઉમેદવારોને કોલ લેટર કે ઈન્ટરનેટ પર કેન્દ્રમાં કઈ જગ્યાએ અને કયા સમયે પરીક્ષા લેવાની છે તેની કોઈ જ માહિતી ન મળતાં ચિંતા સાથે અવઢવમાં મુકાયા છે.

ઓએનજીસીની તા. ૩૦-૭થી ૨૨-૮-૧૪ સુધીની મર્યાદામાં જાહેરાત ક્રમાંક ૦૧/૨૦૧૪ થી ઈજનેરો સહિત ૧૩૮ જગ્યાઓ માટે ભરતી અંગેની જાહેરાત અખબારો અને ઈન્ટરનેટ ઉપર મુકવામાં આવી હતી. જે અન્વયે લાયકાત ધરાવતા ઉમેદવારએ જરુરી ફી ભરીને ઓનલાઈન અરજીઓ કરી હતી. જેમાં તા. ૨૮-૯-૨૦૧૪ના રોજ અમદાવાદ વડોદરા અને સુરત કેન્દ્રો ઉપર પરીક્ષા લેવાશે તેવું જણાવાયું છે. જાહેરાત અન્વયે ઉમેદવારોએ પૂર્ણ તૈયારી આરંભી દીધી છે અને નિયમિત ઈન્ટરનેટ ઉપર પરીક્ષાની માહિતી અંગે શોધખોળ કરી રહ્યા છે.

પરંતુ ઓએનજીસીના હજીરા પ્લાન્ટ થકી અપાયેલી જાહેરાત મુજબ આજ દીન સુધી ઉમેદવારોને કોઈ જ માહિતી પૂરી પડાતી નથી તેમજ આપેલા પરીક્ષા કેન્દ્રમાં કયા સ્થળે અને કયા સમયે પરીક્ષા લવાશે તેની કોઈ જ વિગતોઈન્ટરનેટ ઉપર મુકાઈ નથી. અને હવેલગભગ ૧૪ દિવસ પરીક્ષાના બાકી રહ્યા છે છતાંપણ ઉમેદવારોને કોલ લેટર કે ઈન્ટરનેટ ઉપર તેમને નંબર ફળવાયા નથી. કેન્દ્ર સરકારની પ્રતિષ્ઠિત કંપનીમાં ભરતી થવાની હોવાથી અનેક ઉમેદવારોએ અરજીઓ કરી છે અને હાલ સાયબર કાફે તથા અનેક જગ્યાએ ઉમેદવારો ઓએનજીસીની વેબસાઈટ ફંફોળી રહ્યા છે જેથી કંપની દ્વારા અખબારો અથવા ઈન્ટરનેટ ઉપર આ અંગેનો ખુલાસો કરાય અને ઉમેદવારોને માનસિક ચિંતામાંથી મુકત કરાય તેવી માંગ ઉઠી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

નગરની સમસ્યા - નગરની અનેક સમસ્યાઓ રહેલી છે... જેવી કે રખડતી ગાયો તો બીજી તરફી વધતી જતી ઝુંપડપટ્ટીઓ... નગરમાં સેક્ટર-૬, સેક્ટર-૭ અને અનેક જગ્યાએ ઝુંપડપટ્ટી વધી રહી છે... ઝુંપડાવાળાઓ આસપાસની ઝાડી વિસ્તારમાં ખુલ્લામાં શૌચક્રિયા માટે જતા હોય છે... ગંદકી ફેલાય છે... રોગચાળો ફાટી નિકળવાની ભિતી સેવાઈ રહી છે... નઘરોળ તંત્ર ક્યારે જાગશે ? ક્યારે છૂટકારો થશે આ ઝુંપડાવાસીઓથી....

# ક્વોલિફાઈડ રેફરી વિના દેવગઢબારીયામાં આજથી રાજ્યકક્ષાની ફેન્સીંગ સ્પર્ધા યોજાશે

## દાહોદ જિલ્લા રમત-ગમત અધિકારીએ ઉલ્ટી ગંગા વહેવડાવી : ઈચ્છાધારી નાગની જેમ નિર્ણય લીધા

ગાંધીનગર, તા.૧૪

દેવગઢ બારીયામાં આજથી બે દિવસ રાજ્ય કક્ષાની ફેન્સિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં લાયકાત વગરના રેફરીની પસંદગી કરવામાં આવી છે. દાહોદ જિલ્લા શિક્ષણાધિકારીએ કયા ધોરણે અનુભવ વગરના અને જેને રમતનુંજ્ઞાન નથી તેવા રેફરીની પસંદગી કરવામાં આવી છે. તેવું એમેચ્યોર ફેન્સિંગ એસોસીએશનના કોચ ભરતજી ઠાકોરે વેધક સવાલો પૂછ્યા છે.

રાજ્યમાં રમશે ગુજરાત - જીતશે ગુજરાતની મશાલ જિલ્લે - જિલ્લે ફરી રહી છે. ગુજરાતના છેવાડામાં આવેલ ગામડાનો બાળક વિવિધ સ્પર્ધામાં ઝળકી પોતાનું અને રાજ્યનું નામ રોશન કરે તેવું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં ભાગ લેનાર બાળકોને શ્રેષ્ઠ માર્ગદર્શકો દ્વારા માર્ગદર્શન પણ પુરું પાડવામાં આવશે.

પરંતુ આજથી દેવગઢ બારિયામાં શરૂ થનાર રાજયકક્ષાની ફેન્સિંગ સ્પર્ધામાં ઉલ્ટી ગંગા વહી રહી છે. દાહોદ જિલ્લા રમત - ગમત અધિકારી કચેરી દ્વારા સ્પર્ધામાં અણઆવડત ધરાવતા અને ફેન્સિંગ સ્પર્ધાનો ‘ફ’ પણ ન આવડતો હોય તેવા વ્યક્તિઓને રેફરી બનાવવામાં આવ્યા છે.

એમેચ્યોર ફેન્સિંગ એસોસીએશન ઓફ ગુજરાતના ફેન્સિંગ કોચ ભરતજી ઠાકોરે જણાવ્યું હતું કે, આ સ્પર્ધામાંથી ગુજરાતની ટીમ નેશનલ સ્પર્ધાએ પસંદગી પામનાર છે ત્યારે ક્વૉલિફાઈડ રેફરી વિના કેવી રીતે ટીમ પસંદગી પામશે ? વધુમાં જણાવ્યું હતું કે, દાહોદ જિલ્લા રમત-ગમત અધિકારીએ તમામ નિયમો નેવે મૂકીને આ પસંદગી કરી છે. અધિકારીના આવા અણઘડ નિર્ણયો રમતોની ઘોર ખોદી નાખશે.

તેણે કહ્યુંહતુંકે, રેફરીની પસંદગી નેશનલ લેવલની નેશનલ ફેડરેશન દ્વારા અને રાજ્ય લેવલની રાજ્ય ફેડરેશન દ્વારા પરીક્ષા લેવામાં આવે છે. અને આ પરીક્ષા પાસ કરનાર વ્યક્તિની રેફરી તરીકે પસંદગી કરવામાં આવે છે. આજથી યોજાઈ રહેલ સ્પર્ધામાં યોગ્ય રેફરી મુકવામાં આવે તે માટે રાજ્ય રમત-ગમત પરિષદના સચિવ અને જિલ્લા રમત-ગમત અધિકારી કચેરીએ પણ લેખિતમાં રજૂઆત કરશે.

# ઉનાવામાં રોટરી ક્લબે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

વરસાદની સિઝનમાં રોગચાળો માથુ ઉચકતો હોય છે. સતત વરસાદથી જીવજંતુઓમાં વધારો થતો હોય છે અને તેનાથી રોગચાળો વકરતો હોય છે. રોટરી ક્લબ દ્વારા આજે ઉનાવા ગામમાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૫૦ ગ્રામજનોએ ચેકઅપ કરાવ્યું હતું. અને ૩૬૦ લોકોને રાહતદરે ચશ્મા આપવામાં આવ્યા હતા.

રોટરી ક્લબ ગાંધીનગર અવાર-નવાર શહેર અને આજુબાજુના ગામડાઓમાં નિદાન કેમ્પનું આયોજન કરતું આવ્યું છે ત્યારે ક્લબ દ્વારા તાલુકાના ઉનાવા ખાતે મફત સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૯ થી ૧૨ સુધી શેઠ સી.સી. હાઈસ્કૂલમાં યોજાયેલ કેમ્પનો મોટી સંખ્યામાં ગ્રામજનોએ ભાગ લીધો હતો.

કેમ્પમાં ગાંધીનગરના ખ્યાતનામ ડોક્ટરોએ સેવા આપી હતી જેમાં ઓર્થોપેડિક, ચામડીને લગતા રોગો, ગાયનેક, સર્જન, આંખના સર્જન સહિતના ડોક્ટર ઉપસ્થિતરહી દર્દીઓની ચકાસણી કરી હતી. આ કેમ્પમાં ઉનાવા સહિત આજુબાજુના ગામના લોકોએ ઉપસ્થિત રહી ચેક-અપ કરાવ્યું હતું.

જેમાં કુલ ૭૫૦ જેટલા દર્દીઓએ મફ્ત દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ દર્દીઓને નાની-મોટી સામાન્ય તકલીફો તપાસ દરમિયાન જણાઈ આવી હતી અને ૩૬૦ જેટલા આંખના દર્દીઓને રાહતદરે ચશ્માનું વિતરણ કર્યું હતું.

**રક્તદાન મહાદાન**

# જાગૃત નાગરિક પરિષદમાં શહેરના પ્રશ્નો ચર્ચાયા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની તાજેતરમાં બેઠક યોજાઈ હતી. જેમાં જાહેર સેવા નાગરિકોના અધિકંપ ૨૦૧૩ વિધેયકનો અમલ કરવા માટે ચર્ચા કરી માંગ કરાઈ હતી. સેકટર-૭ની પોસ્ટ ઓફિસની જગ્યા માટેની સમસ્યાની રજુઆત કરવામાં આવી હતી. ગાંધીનગર ન્યાય મંદિરમાં લીફટની સગવડ કરવા માટે સુચન કરાયું હતું. ગાંધીનગરમાં પેટ્રોલના વધુ ભાવ, ગેસના સમયસર બીલો તથા દંડ બાબતે રજુઆત કરવાનું નક્કી કરાયું હતું. ઉપરોકત માહિતી મહામંત્રી શ્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭
સૂર્યાસ્ત : ૬.૪૨

## તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૭૫ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :
ફાઈન્ડીંગ ફેની : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ક્રિએચર (૩ડી)(અંગ્રેજી) : ૧૨.૧૫, ૩.૦૦, ૭.૪૫
ફાઈન્ડીંગ ફેની (અંગ્રેજી) : ૫.૪૫, ૧૦.૧૫
સ્ક્રીન-૪ :
ફાઈન્ડીંગ ફેની : ૧૦.૦૦
મર્દાની : ૧.૦૦
બે યાર (ગુજરાતી) : ૪.૦૦
પાવર (તેલુગુ) : ૭.૦૦
મેરી કોર્મ : ૯.૪૫
: સ્ક્રીન-૫ :
ક્રિએચર (૨ડી) : ૧૦.૦૦
મેરી કોમ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫
ફાઈન્ડીંગ ફેની : ૧૦.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૨ :
ક્રિએચર : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
સ્ક્રીન-૩ :
મેરી કોમ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
ક્રિએચર (૩ડી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
ફાઈન્ડીંગ ફેની : ૧૦.૧૫, ૧૨.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૮.૧૫, ૧૦.૪૫
સ્ક્રીન-૩ :
ફાઈન્ડીંગ ફેની : ૮.૪૫, ૧૦.૧૫, ૪.૩૦, ૯.૪૫
મેરી કોમ : ૧.૪૫, ૭.૦૦
સ્ક્રીન-૪ :
મેરી કોમ : ૧૦.૩૦, ૪.૧૫, ૧૦.૦૫
રાજા નટવરલાલ : ૧.૧૫
બે યાર (ગુજરાતી) : ૭.૦૦

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર બાલાજી રમણજી (ઉ.વ.૩૫) મુ. પો. જલુંદ, તા.જી. ગાંધીનગર
- સ્વ. દિપકકુમાર રેવાભાઈ (ઉ.વ.૩૯) એન-૧૯, સેક્ટર-૨૬, ગાંધીનગર
- સ્વ. ઉમેશભાઈ જિલાભાઈ કબીરા (ઉ.વ.૨૧) સેકટર-૨૦, અક્ષરધામની બાજુનાં છાબરા, ગાંધીગનગર
- સ્વ. પ્રવિણ વિઠ્ઠલભાઈ બાલપાડે (ઉ.વ.૪૫) પ્લોટ નં. ૧૩૬/૧, સેકટર-૩એ (ન્યુ) ગાંધીનગર